# ભિલોડા પાસે ઓવરલોડ રેતી-કપચી ભરી વહન કરતાં વાહન ચાલકો ઝડપાયા

ભિલોડા,તા.૨૪

ભિલોડા પાસે ઓવરલોડ રેતી-કપચી ભરી વહન કરતાં વાહન ચાલકો ઝડપાયા. પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા મામલતદાર જી. કે. પટેલ,નાયબ મામલતદાર એન. એમ. ચૌધરી ધોલવાણી ત્રણ રસ્તાથી પસાર થતા હતા ત્યારે ધોલવાણી ત્રણ રસ્તા પાસે રેતી-કપચી ભરી પસાર થતી ટ્રકોને તપાસ કરી પાસ પરમીટ ચકાસતાં ટ્રકોમાં ઓવરલોડ રેતી-કપચી ભરેલી જણાતાં સ્થળ ઉપર પંચાનામુ કરી ટ્રક નંબર જી.જે. ૯. એ.વી. ૫૬૯૦ ના ચાલક પાંડોર સુશાલ ભુરજીભાઈ અટકાવી ચાલક પાસે પાસ પરમીટ કરતાં પાંચ ટનથી વધારે કપચીનો જથ્થો વધુ જણાતાં સ્થળ ઉપર પંચનામુ કરી ટ્રકને મામલતદાર કચેરીએ મુંકી દેવાઈ હતી જ્યારે બીજી ઘટનામાં ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી રેતી ભરેલ ટ્રક નંબર જી.જે. ૯. ઝેડ. ૫૮૪૨ના ચાલક રીતેશ રમેશભાઈ ગૌસ્વામી પાસે પાસ પરમીટની ચકાસણી કરતાં ૧૨ ટન રેતીનો જથ્થો વધુ હોય સ્થળ ઉપર પંચનામુ કરી ટ્રકને મામલતદાર કચેરી લાવી ધારાધોરણ મુજબની કાર્યવાહી કરાતાં ખનીજચોરી કરનારામાં ફફડાટ વ્યાપ્યો છે.

# અરવલ્લી જિલ્લામાં ક્ષય(ટીબી)ના રોગમાં ૨૦૫૩ દર્દીઓ સપડાયા

અરવલ્લી, તા. ૨૪

૨૪ માર્ચે વિશ્વ ક્ષય (ટીબી) દિવસની વિશ્વભરમાં વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા તેની ઉજવણીના ભાગરૂપે નોંધપાત્ર વધારો થયો હતો. જિલ્લાના આદિવાસી વિસ્તાર ધરાવતા મેઘરજ, ભિલોડા તાલુકામાં ટીબીની બિમારીએ ભય ફેલાવ્યો છે. જિલ્લામાં અંદાજે ૧૨ હજારથી વધુ દર્દીઓ ક્ષયની બિમારીથી પીડાઈ રહ્યા છે. બીજીબાજુ ચાલુ સાલ ૨૦૧૬માં ટીબીના ૨૦૫૩ દર્દીઓ બિમારી નાબુદ કરવા સતત પ્રયત્નશીલ જિલ્લા આરોગ્ય તંત્ર ટીમ દ્વારા ટી.બી. નાબુદ કરવા હોવાનું જાણવા મળી રહ્યુ છે. ક્ષયની બિમારી ભૂતકાળના વર્ષોમાં લોકો નામ સાંભળતા જ રીતસરના ફફડી



જનજાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ક્ષય (ટીબી)ના ફેલાવો અટકાવવા માટે સતત પ્રયત્નશીલ હોવા છતા જિલ્લામાં ૨૦૧૬માં ટીબીના રોગોમાં ૨૦૫૩ દર્દીઓનો

અરવલ્લી જિલ્લામાં ક્ષયની બિમારીએ જાણે જિલ્લાના પ્રજાજનોને ભરડામાં લીધા હોય તેમ આરોગ્ય વિભાગ તંત્રની સતત દેખરેખ છતા આ રોગના દર્દીઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ઉમેરાયા છે. આરોગ્ય તંત્રના દાવા મુજબ ૯૮ ટકા દર્દીઓને ટીબીના રોગમાંથી ઉગારી લેવામાં સફળતા મેળવી છે અને ટીબીની ટ્રીટમેન્ટથી કંટાળી દવાઓ બંધ કરી દીધી હોય તેવા દર્દીઓને શોધીને ક્ષયની પ્રયત્નશીલ છે.

જિલ્લાના આદિવાસી વિસ્તાર ધરાવતા મેઘરજ અને ભિલોડા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં ટીબીના દર્દીઓ મોટા પ્રમાણમાં ઉઠતા હતા. પરંતુ રાજ્ય અને કેન્દ્ર સરકારની ટીબીના રોગને નાથવા માટે બનાવેલી ડોટ નામની સારાર પદ્ધતિથી મોટાભાગના વિસ્તારોમાં સફળતા મળી છે.

## રોગને નાબુદ કરવા ૯૪ ટકા સફળતા મળી છે : સીડીએચઓ

અરવલ્લી જીલ્લા સી.ડી.એચ.ઓ. ડૉ. અમરનાથના જણાવ્યા



અનુસાર અરવલ્લી જિલ્લા આરોગ્ય તંત્ર ક્ષય (ટીબી)નો રોગ ફેલાવતો અટકાવવા સતત પ્રયત્નશીલ છે અને મોટાભાગના ક્ષય રોગથી પીડાતા દર્દીઓમાં ડોટ પદ્ધતિથી સારવાર હાથ ધરી રોગને નાબુદ કરવામાં ૯૪ ટકા જેટલી સફળતા મળી છે. જિલ્લામાં એચ.આઈ.વી.થી પીડાતા ૬૭ દર્દીઓને ટીબીનો રોગ લાગુ પડેલ છે. તદ્‌ઉપરાંત અરવલ્લી જિલ્લામાં ટીબીના ૨૦૫૩ કેસ શંકાસ્પદ ટીબીનો રોગ લાગુ પડ્યો હોય તેવા દર્દીઓ ૨૦૧૬માં નોંધાયા હતા જેમને સંપૂર્ણ સઘન સારવાર આપી સતત મોનેટરીંગ કરવામાં આવ્યુ છે.

# તત્વ ઈજનેરી કોલેજ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા માટેનો સેમિનાર યોજાયો

રોજગારી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની જાણકારી તથા તેની





તૈયારી માટેનું જરૂરી માર્ગદર્શન માટેનો એક સેમિનાર તાજેતરમાં તત્વ ઈજનેરી કોલેજમાં યોજાઈ ગયો. આ સેમિનારમાં જીપીએસસી, યુપીએસસી દ્વારા લેવાતી ઈજનેરી તથા વહીવટી સેવાઓ માટેની ઊંડાણપૂર્વકની માહિતી આ ક્ષેત્રના અનુભવી તજજ્ઞો સંજયભાઈ પટેલ, ધૂમકેતુ મહેતા અને કપિલભાઈ શાહ દ્વારા સચોટ ઉદાહરણો દ્વારા રસપ્રદ માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. અને એમ.ઈ., બી.ઈ. તથા ડિપ્લોમાં સીવીલ ઈજનેરીના વિદ્યાર્થીઓને આ સેમિનારની અત્યંત લાભદાયી અને મહત્વની જાણકારી પ્રાપ્ત થઈ હતી.

વિદ્યાર્થીઓને આવી જીવન ઉપયોગી માહિતી પૂરી પાડવા માટે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવારે અને પ્રિન્સિપાલ ડૉ. એચ.આર. વરીયાએ તજજ્ઞોનો આભાર માન્યો હતો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની હાજરીને બિરદાવી હતી.

# પાલનપુરના મલાણા ગામમાં યુવકની હત્યાથી ચકચાર

## દારૂ-જુગારની બદી વચ્ચે હત્યા થઈ હોવાના આક્ષેપો : પોલીસે ૪ શકમંદોની કરી ધરપકડ

પાલનપુર, તા. ૨૪

સરહદી બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના મલાણા ગામમાંથી એક યુવકની હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. પરિવારજનોએ દારૂ-જુગારને મુદ્દે હત્યા થઈ હોવાના આક્ષેપો કર્યા હતા. જ્યારે એ.એસ.પી. સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આ હત્યાને મામલે ચાર લોકોની ધરપકડ કરી હતી.

પાલનપુર તાલુકાના નાનકડા એવા મલાણા ગામે એક યુવકનો મૃતદેહ ગામની સિમમાથી મળી આવેય હતો. જોકે મૃતક ગામનો જ જેન્તીભાઈ બારોટ હોવાનું ખુલ્યુ હતુ. મૃતદેહને જોતા જ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ત્યારબાદ મૃતકના સગા દ્વારા પોલીસને જાણ કરાતા એ.એસ.પી. સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ત્યારબાદ મૃતકનો મૃતદેહને પી.એમ. અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જો કે દારૂ અને જુગારના મુદ્દે આ હત્યા થઈ હોવાનો પરિવારજનો આક્ષેપો કરી રહ્યા છે. મલાણા ગામે અમુક તત્વો વર્ષોથી દેશી દારૂના અડ્ડા ચલાવી રહ્યા છે. મલાણાના આ અસામાજિક તત્વો



માથાભારે છે. જ્યારે પાલનપુર તાલુકા પોલીસ આ અડ્ડાઓ સામે આંખ આડા કાન કરી રહી છે. ત્યારે ગત રાત્રે આઠથી દસ જણની ટોળી દારૂ પી જુગાર રમી રહી હતી અને આ જુગારની લેતીદેતીને મામલે આ યુવકની નિર્મમ હત્યા થઈ હોવાનું મૃતકના સ્વજનોએ જણાવ્યું હતું.

પાલનપુર તાલુકામાં દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. ગઈકાલે ઠાકોર સેના દ્વારા પણ પાલનપુર તાલુકામાં દારૂના અડ્ડા બંધ કરવાની રજુઆત કરાઈ હતી. ત્યારે આજે દારૂ જુગારના મુદ્દે એક યુવકે જીવ ખોતા પોલીસની કામગીરી શંકાના દાયરામાં આવી છે. ત્યારે પોલીસ હરકતમાં આવી અને શકમંદ ચાર લોકોની ધરપકડ કરી હોવાનો અહેવાલ સાંપડ્યો છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૫૦૦ રસ્તાઓ સાત વર્ષથી રીસરફેસ થયા વગરના : મહેન્દ્રસિંહ

અરવલ્લી, તા. ૨૪

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજરોજ બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાનો તારાંકિત પ્રશ્નોત્તરીમાં અગ્રતાક્રમ-૨નો અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રીસરફેસ થયા વગરના રસ્તાઓ અંગેનો હતો. જેના લેખિત જવાબમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવેલ છે કે, અરવલ્લી જિલ્લાના ૨૨૩ અને સાબરકાંઠા જિલ્લાના ૨૩૬ રસ્તાઓ છેલ્લા સાત વર્ષથી રીસરફેસ કરવાના બાકી છે.

પ્રશ્નની ચર્ચામાં ભાગ લેતા મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા સમગ્ર ભારતમાં ગુજરાતના રસ્તાઓ સૌથી સારા હોવાની જાહેરાતો કરવામાં આવે છે. બજેટમાં અને બીજે બધે પણ બહુ મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે કે રોડ-રસ્તા માટે ઘણી મોટી રકમ સરકાર ફાળવે છે. પરંતુ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં થઈને અંદાજિત ૫૦૦ જેટલા રસ્તાઓ સાત કે તેથી વધુ વર્ષથી રીસરફેસ કરવાના બાકી છે તેવુ મંત્રીએ તેમના લેખિત જવાબમાં જણાવેલ છે. રાજ્યમાં જ્યારે ૨૦ વર્ષ કરતા વધુ સમયથી ભાજપની સરકાર છે ત્યારે આ બાકી રસ્તાઓ સમયમર્યાદામાં ચોક્કસ ક્યારે બનાવવા માંગો છો તેની ખાતરી માંગી હતી.

વાઘેલાએ જણાવ્યું હતું કે, જે તે રોડના કામ માટે એજન્સી નક્કી કરવા સારૂ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવે છે. જેમાં અમુક સમયમર્યાદા કરતા રસ્તો વહેલો તુટી જાય તો તેની જવાબદારી જે તે એજન્સીની હોય છે તેવું ટેન્ડરની શરતમાં દર્શાવેલ હોય છે. આજે ઘણાં રસ્તાઓ એવા છે કે જે સમયમર્યાદા કરતાં પણ પહેલા તુટી જાય છે, તે રસ્તો બનાવનાર એજન્સી સામે કોઈ પગલાં સરકાર લેવા માંગે છે કે કેમ ? તેનો જવાબ સરકાર પાસે માંગ્યો હતો.

# લાટીવાળા કૉલેજના આચાર્યનું મુલ્યલક્ષી શિક્ષણ પર વ્યાખ્યાન યોજાયું

મોડાસા, તા. ૨૪

મોડાસાના કેળવણીકાર અને લાટીવાળા કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લાના કલેક્ટર પી. સ્વરૂપની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં સાબરકાંઠા-અરવલ્લીના ચુનંદા, પ્રયોગશીલ, શિક્ષકોને આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. જેમાં પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટના સુરેશભાઈ સોની, સંજયતુલા, સાહિત્યકાર લતા હિરાની વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણની નવી તરાહ અને મૂલ્યલક્ષી શિક્ષણ પર ભાર મુકતા ડૉ. દેવકરે અભ્યાસક્રમ અને પાઠ્યક્રમની યથાર્થતા વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. નીતિ શિક્ષણ વગરના અભ્યાસક્રમનું કોઈ મૂલ્ય નથી તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. ઉદ્યોગપતિ સી.કે. પટેલ તથા જિલ્લાના શ્રેષ્ઠીઓ, કર્મશીલો અને આચાર્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન જન જાગૃતિ વિચારમંચના નેજા હેઠળ કરવામાં આવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે કેળવણીકાર ડૉ. સંતોષ દેવકર ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં ધો. ૧ થી ૫ અને ધો. ૯ અને ૧૦માં પરામર્શક તથા લેખક તરીકે કાર્યરત છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત શિક્ષણવિદ્ રવીન્દ્ર દવે દ્વારા તેમનું સન્માન થયેલું છે.

તેમના અસરકારક વક્તવ્યની સરાહના કરવામાં આવી હતી. કેળવણી મંડળના પ્રમુખ નવીનભાઈ મોદી તથા ઉપપ્રમુખ સુભાષભાઈ શાહે અભિનંદન પાઠવ્યા હતા.

# પાંચડા દૂધ મંડળીનો મંત્રી પ્રેમિકા સાથે ફરાર

## વડગામ પોલીસની ઢીલી નીતિ સામે ડી.વાય.એસ.પી.ને રજુઆત

વડગામ, તા. ૨૪

વડગામ તાલુકાના પાંચડા ગામની દૂધ મંડળીનો મંત્રી ગામની દીકરી અને માનપુરાની પરિણીતાને લઈ ફરાર થઈ જતા દીકરીના લાચાર પરિવારજનો આજે પાલનપુરમાં એસ.પી. કચેરી ખાતે દોડી આવ્યા હતા. જ્યાં વડગામ પોલીસ ફરિયાદ ન લેતી હોવાના મુદ્દે રજુઆત કરી હતી.

પાંચડા દૂધ મંડળીનો મંત્રી દલપતજી ઠાકોર કે પોતે બે સંતાનોનો પિતા છે. જો કે,ગામમા મેલી મથરાવટી ધરાવતા આ ઈસમે માનપુરાની પરિણીતાને યેનકેન પ્રકારે ફસાવી અને ફરાર થઈ ગયો છે. આજે આ વાતને બાર દિવસ થયા હોવા છતાં વડગામ પોલીસ ફરિયાદ માટે પરિણીતાના ભાઈને ધક્કા ખવડાવી રહી છે.



આ ઘટનામાં કરુણતા એ છે કે, પરિણીતાના પિતાનું બાર વર્ષ પહેલાં અવસાન થઈ ગયું છે. જ્યારે વિધવા મા સાથે રહેતો દીકરો વડગામ પોલીસની મદદની અપેક્ષાએ બાર દિવસથી ફરિયાદ માટે ધકકા ખાઈ રહ્યો છે. ત્યારે આજે આ લાચાર પરિવારની વહારે સમાજ આવ્યો હતો. અને વડગામ પોલીસની ઢીલી નીતિ સામે સમાજના આગેવાનો સહિત પરિવારજનો એસ.પી.કચેરી દોડી આવ્યા હતા. અને વડગામ પોલીસ ફરિયાદ ન લેતી હોવાની રજુઆત કરી હતી. હવે સવાલ એ થાય છે કે, આ લાચાર પરિવારની ફરિયાદ શા માટે નથી લેવાતી?

બાર બાર દિવસ વીતવા છતાં શા માટે પરિવારને જિલ્લા પોલીસ વડાના પગથિયાં ચડવા પડ્યા ? જો વહેલી ફરિયાદ લીધી હોત તો કદાચ પરિણીતાના સગડ મળ્યા હોત અને પરિવારની આબરૂ બચી ગઈ હોત સહિતની ચર્ચાઓ વચ્ચે પોલીસની ભૂમિકા શંકાના દાયરામાં આવી ગઈ છે.

# નોંદીસણ પાટીયા નજીક કાર પલટી મારી ખેતરમાં ખાબકી

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પરથી પસાર થતી આઈ-૨૦ કાર નોંદીસણ પાટીયા નજીક અગમ્ય કારણોસર પલટી ખાઈ ત્રણ-ચાર ગુલાંટ મારી રોડથી દૂર આવેલા ખેતરમાં ખાબકતા કારમાં સવાર એક વ્યક્તિના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતમાં કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. જ્યારે અન્ય એક કારમાં સવાર યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો.



અકસ્માતનો બનાવ શામળાજી પોલીસ સ્ટેશનના હદમાં નોંધાયો હતો. આ કાર અકસ્માતથી અજાણ શામળાજી પોલીસે આ ઘટના અંગે આ લખાઈ રહ્યુ છે ત્યાં સુધી અકસ્માતની ફરિયાદ નોંધાઈ નથી તેમ જણાવ્યુ હતુ.

# વણઝર ગામે પ્રાથમિક શાળાના આચાર્યના વર્તન સામે દેખાવો





(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૨૪

ભિલોડા તાલુકાના વણઝર ગામની વણઝર પ્રાથમીક શાળાના વ્યસની આચાર્યનું મનસ્વી વર્તન અને નવદંપતી બે શિક્ષકોની બદલી અટકાવવા સંદર્ભે જાગૃત વાલીઓ,ગ્રામજનોએ આજે વહેલી સવારે તાળાબંધી કરી વિરોધ પ્રદર્શન કર્યો હતો.વણઝર પ્રાથમીક શાળામાં ધોરણ.૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓનો અભ્યાસ કાર્ય બગડતાં વિદ્યાર્થીઓનું ભાવી અંધકારમય બન્યું હોવાનું જાણવા મળેલ છે. વણઝર ગામના અમુક જાગૃત ગ્રામજનો અને મહિલાઓએ જણાવ્યું હતું કે જ્યાં સુધી યોગ્ય ન્યાયિક નિર્ણય વહીવટી તંત્ર ધ્વારા નહી લેવાય ત્યાં સુધી અચોક્કસ મુદત સુધી તાળાબંધી રાખવાની ચીમકી ઉચ્ચારી હતી. વાલીઓ વિદ્યાર્થીઓને ઘરે લઈ ગયા આચાર્યની બદલી નહી થાય ત્યાં સુધી બાળકોને શાળામાં નહી મોકલવાનો સામુહિક નિર્ણય કર્યો હતો.

વણઝર ગ્રુપ ગ્રામ પંચાયત ઉપસરપંચ મનુભાઈ એલ. પટેલના જણાવ્યા મુજબ વણજર પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા આચાર્ય વ્યસનની લતે ચડેલા હોવાના કારણે મન ફાવે તેમ મનસ્વી વર્તન રાખતા હોય છે ત્યારે કોઈ પણ સંજોગોમાં આચાર્યને બરતરફ કરવા ગ્રામજનોની પ્રબળ લોકમાંગણી છે. કિરણભાઈ ડી. પરમાર, મિનાક્ષીબેન કે. પરમાર નવદંપતી બે શિક્ષકો વણઝર પ્રાથમીક શાળામાં ફરજ બજાવે છે. વિદ્યાર્થીઓને સારૂ શિક્ષણ આપતા હતા પરંતુ આચાર્યના મનસ્વી વર્તનના કારણે નવદંપતીએ બદલી કરાવવા માટે માંગણી કરી હતી. શિક્ષકોની બદલીનો ઓર્ડર થઈ જતાં ગ્રામજનો ભારે રોષ ભભુકી ઉઠ્યો હતો ત્યારે જાગૃત ગ્રામજનોએ વણઝર પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા સારૂ શિક્ષણ આપતા બે શિક્ષકોની બદલીનો ઓર્ડર અટકાવવા સંદર્ભે તાલુકા પંચાયત શિક્ષણ શાખા અધિકારી ભિલોડા, જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી કચેરી મોડાસા, પ્રાથમીક શિક્ષણ નિયામક કચેરી, ગાંધીનગર, શિક્ષણ મંત્રી રાજ્ય સરકાર સુધી ઉચ્ચ કક્ષાએ ઉગ્ર ધારદાર લેખીત-મૌખિક અરજીઓ કરવા છતાં શિક્ષક નવદંપતીનો બદલીનો ઓર્ડર આવતા ગ્રામજનો રોષે ભરાયા હતા.

વણઝર પ્રાથમીક શાળા આચાર્યના મનસ્વી વાણી, વર્તનના કારણે ત્રાહિમામ પોકારી ઉઠેલા ગ્રામજનો, વાલીઓ, વિદ્યાર્થીઓએ શાળામાં તાળાબંધી કરી હતી પરંતુ વહીવટી તંત્રના અધિકારીઓ ફરક્યા નથી તેમ ગ્રામજનોએ જણાવ્યું હતું. શાળાના શિક્ષકોએ જણાવ્યું હતુ કે આચાર્યના મનસ્વી વર્તનના કારણે બદલીની માંગણી કરી હતી. વણઝર ગામના જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે યોગ્ય ન્યાયીક કાર્યવાહી નહી કરવામાં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે લડત આપવાનું રણશીંગુ ફુકવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# ઊંઝાના ભાંખર ગામે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ : ૧૪ ઈજાગ્રસ્ત

ઊંઝા, તા. ૨૪

આજે ઊંઝા નજીકના ભાંખર ગામે મુસ્લિમોના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થતાં લગભગ ૧૪ જેટલા વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને મહેસાણા અને પાટણના ધારપુર ખાતેની સરકારી હોસ્પિટલોમાં ખસેડાયા હતા. જ્યાં બે જણાઓની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળે છે. આ ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી ફેલાઈ હતી.

જાણવા મળ્યા મુજબ ઊંઝા નજીકના ભાંખર ગામે ગઈરાત્રે મુસ્લિમ સમાજના છોકરાઓ વચ્ચે બોલાચાલી તકરાર થઈ હતી. જેમાં જૂની અદાવતને લઈને મુસ્લિમોના બે ટોળાઓ આજે બપોરના સમયે સામ સામે આવી જતા હિંસક હૂમલાઓ થયા હતા. જેથી આ વિસ્તારમાં ગભરાટ અને ભયના વાતાવરણ વચ્ચે નાસભાગ મચી ગઈ હતી. આ જૂથ અથડામણમાં પ્રાણઘાતક હથિયારોનો છૂટથી ઉપયોગ થતાં ભારે હંગામો મચી ગયો હતો. હિંસક હૂમલામાં બંને પક્ષોના મળી લગભગ ૧૪ જેટલા વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સૌ પ્રથમ ઊંઝા કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે પાટણની ધારકપુર અને મહેસાણાની સરકારી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં બે જણાઓની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળે છે.

આ બનાવની જાણ થતા મહેસાણા જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. હાલ ગામમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છતાં અજંપાભરી છે. ભાંખરમાં છેલ્લા ઘણા વખતથી મુસ્લિમોના બે જૂથો વચ્ચે ખટરાગ ચાલી રહ્યો હોઈ અવારનવાર ધીંગાણું થતુ હોય છે.